**<u>-: આંક-૧ નીચેનો હુકમ :-</u>**

**મહુધાનાં મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં,**
**મુકામ-મહુધા.**

**ફોજદારી કેસ નં.૧૭/૨૦૨૬**
**આંક :-**

ફરીયાદી શ્રી સરકાર
મહુધા પોલીસ સ્ટેશન
ગુન્હા રજીસ્ટર નંબર -૧૧૨૦૪૦૩૯૨૫૦૫૯૪/૨૦૨૫

**<u>વિરૂધ્ધ</u>**

આરોપી (૧) નટુભાઈ ઉર્ફે રાવણ સ/ઓ બુધાભાઈ ગોકળભાઈ રાવળ,
ઉ.વ.૩૨, રહે. દૂધ ડેરી સામે, બગડુ,
તા.મહુધા જી.ખેડા

**ચાર્જ:- <u>બી.એન.એસ.કલમ ૧૦૩(૧),૩૦૯(૪),૩૦૯(૬) મુજબ</u>**

**- : કમીટલ હુકમ : -**

આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકતો એવી છે કે,

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ મહુધા પો.સ્ટે.ના ગુના રજી. નંબર-૧૧૨૦૪૦૩૯૨૫૦૫૯૪/૨૦૨૫, બી.એન.એસ. કલમ ૧૦૩(૧), ૩૦૯(૪),૩૦૯(૬) મુજબનો ગુનો નોધાયેલ, જે અનુસંધાને નોંધાયેલ અત્રેની અદાલતમાં ઉપરોકત નંબરથી ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) સદરહું કેસમાં આરોપી જેલથી જાપ્તા તળે હાજર થતા, તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો પૂરી પાડયાની બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ અન્વયે ખાતરી કરેલ છે. તેમજ આંક-૦૪ થી આરોપીની પ્લી નોંધવામાં આવતાં, તેઓ સ્વખર્ચે વકીલ રોકવા માંગે છે તેવું જણાવેલ છે.

(૩) સદરહું કેસના ફરિયાદીની ફરિયાદ હકીકત તથા તપાસના કાગળો જોતાં, સદરહું આરોપી સામેનો ગુનો ધ્યાને લઈએ તો સદરહુ ગુનાની ન્યાયીક કાર્યવાહી ચલાવવાની સતા નામદાર સેશન્સ કોર્ટ છે, અત્રેની અદાલતને નથી, જેથી બી.એન.એસ.એસ. ની કલમ–૨૩૨ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

–::(હુકમ)::–

– આ કામના આરોપી સામેનો કેસ બી.એન.એસ.એસ. ની કલમ–૨૩૨ અન્વયે, નામ. સેશન્સ અદાલત, નડીયાદનાઓને કમિટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

– સદર હુકમ મુજબ તા.૩૦/૦૪/૨૦૨૬ પહેલા આ કેસનાં તમામ અસલ કાગળો વિગતવાર ફાઈલમાં તૈયાર કરીને મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ સહીત નામ. સેશન્સ કોર્ટ નડીઆદને મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

– આ હુકમની જાણ સંબંધિત જિલ્લા ના સરકારી વકીલશ્રીને કરવી.

આ કેસની હવે પછીની તા.૩૦/૦૪/૨૦૨૬ ની મુકરર કરવામાં આવેલ છે, જેની જાણ આરોપીને અત્રેથી કરવામાં આવેલ છે.

આ હુકમ આજ તારીખ– ૨૭ મી માર્ચ – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ: મહુધા
તા. ૨૭/૦૩/૨૦૨૬

(કે.આર.મૌર્ય)
જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ
મહુધા
**કોડ નંબર જીજે૦૧૭૨૩**